ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


ડાહ્યાભાઈ એમ પારેખ
મો. ૮૪૬૦૩ ૧૦૭૭૪


મહેન્દ્રભાઈ સોમાભાઈ પ્રજાપતિ
મો. ૯૯૭૪૨ ૧૬૦૪૭


જયેશ પી ઠાકર
મો. ૯૯૨૫૧ ૫૪૭૮૨


અમીતા ગોહેલ


ચીકુભા આર વાઘેલા
મો. ૯૯૭૪૮ ૦૩૩૭૯


દેવેન્દ્ર ત્રિલોકસિંહ ખનાયત
મો. ૯૯૨૫૧ ૯૬૪૧૨


હાર્દ મિલનકુમાર કબીર
મો. ૯૯૭૮૪ ૦૮૧૯૬


નિખિલ શૈલેષભાઈ રત્નોત્તર
મો. ૮૪૮૭૦ ૩૪૭૯૨

### આદર્શ નિવાસી કન્યા શાળા (અ.જા.) સેક્ટર-૮ ખાતે

# વિસરાતી રમતોનો યાદોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૨૪

આદર્શ નિવાસી શાળા (અ.જા.) કન્યા સેક્ટર-૮ ખાતે વિસરાતી જતી રમતોનો યાદોત્સવ તા. ૨૦ અને ૨૧ ડિસેમ્બરના રોજ ઉજવાઈ ગયો.

આ વિસરાતી જતી રમતોમાં લંગડી, સિક્કા શોધ, ફુગ્ગા પુલાન, સંગીત ખુરશી, પોપટ પાંજરૂ, કોથળા દોડ, ત્રિપગી દોડ, લીંબુ ચમચી, ખારી, રસ્સાખેંચ, દોરડા કૂદ, સાતોલિયુ, ઘોડાકૂદ, ખાટી દ્રાક્ષ, ફુગ્ગાફોડ, પંજા લડાવ તથા મટકા ફોડ જેવી રમતોનો સમાવેશ થયો છે. જ્યારે ૧૦૦મી દોડ, કબડ્ડી તથા ખો-ખોની સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે સવારે ૮ કલાકે વિસરાતી રમતોના આદોત્સવનું ઉદ્ઘાટન એઈડ્સ કંટ્રોલ સોસાયટીના ડેપ્યુટી ડાયરેક્ટર રાજેશભાઈ ગુમાને કર્યુ. દિપ પ્રાગટ્યથી યાદોત્સવને ખુલ્લો મુકાયો. તે પછી શાળાની ધો. ૧૧ની રાજ્યકક્ષાની ૨૦૦ મી. દોડની વિજેતા પંચાલ ચંદ્રિકાના નેતૃત્વ હેઠળ મશાલ પ્રજ્વલિત કરીને યોગ્ય સ્થાને આરોપણ કરવામાં આવ્યું. તે પછી ધો. ૯ થી ૧૨ની બહેનોએ માર્ચપાસ્ટ કરી અને મુખ્ય મહેમાનશ્રીએ અભિવાદન ઝીલ્યુ. તે પછી મુખ્ય મહેમાને ૧૦૦ મી. દોડને લીલી ઝંડી આપી યાદોત્સવનો શુભારંભ કરાવ્યો. તેમણે વિદ્યાર્થીઓને મેદાનમાં શીખવા મળતા ખેલદિલીના ગુણોનું મહત્વ સમજાવ્યું. શાળાના આચાર્યા કુસુમબેન ચૌહાણે પણ ગ્રામ્ય વિસ્તારની લોકપ્રિય પણ વર્તમાન સમયમાં વિસરતી જતી રમતોના પ્રદાન વિશે જણાવ્યું.

પ્રથમ દિવસે રમાયેલી ૧૦૦મી. દોડમાં ધો. ૧૧ની પંચાલ ચંદ્રિકા પ્રથમ, રાઠોડ મીનાક્ષી દ્વિતીય તથા રાઠોડ આરતી તૃતીય સ્થાને વિજેતા રહ્યા. જ્યારે લંગડીમાં ધો. ૧૦ની વાળા દિપિકા તથા વાણિયા મયૂરી પ્રથમ, ધો. ૯ની પરમાર જયશ્રી દ્વિતીય તથા ધો. ૧૧ની સોલંકી હિના તૃતીય સ્થાને વિજેતા રહ્યા. સંગીત ખુરશીમાં ધો. ૧૧ની પરમાર ભારતી પ્રથમ, ધો. ૧૨ની મકવાણા ગાયત્રી દ્વિતીય તથા ધો. ૧૧ની વાઘેલા નિકિતા તૃતીય સ્થાને રહ્યા. લીંબુ ચમચીમાં ધો. ૧૧ની સોલંકી ભૂમિકા પ્રથમ, તુરી માનસી દ્વિતીય તથા રાઠોડ આરતી તૃતીય વિજેતા રહ્યા. ત્રિપગી દોડમાં રાઠોડ આરતી, વેગડા સુનીતા પ્રથમ, રાઠોડ તમન્ના, પરમાર જયશ્રીની જોડી તથા સિંઘવ જિજ્ઞાસા અને વાઘેલા ભાવિનીની જોડી દ્વિતીય ક્રમે તથા પારધી વૈશાલી, વાઘેલા, લક્ષ્મી તૃતીય સ્થાને વિજેતા રહ્યા. સિક્કા શોધમાં પ્રથમ વાળા દિપીકા વી. પ્રથમ, રાઠોડ સોનલ દ્વિતીય તથા વાણિયા પાયલ તૃતીય સ્થાને રહ્યા. પોપટ પાંજરૂમાં વાઘેલા લક્ષ્મી, પંડ્યા મહિમા, સોનારા ઝલક અને મકવાણા મનિલાનું ગ્રુપ વિજેતા રહ્યુ. એક મિનિટમાં ફુગ્ગા ફૂલાવવાની સ્પર્ધામાં વાઘેલા ભારતી પ્રથમ, વાળા દિપીકા દ્વિતીય તથા જાદવ સોનલ અને પરમાર ભારતી જી. દ્વિતીય ક્રમે રહ્યા. કોથળા દોડમાં ચૌહાણ ભાવના પ્રથમ, તુરી માનસી દ્વિતીય તથા મકવાણા રાધિકા તૃતીય સ્થાને રહ્યા. જ્યારે ફુગ્ગા ફોડ સ્પર્ધામાં સોલંકી મિત્તલ પ્રથમ, મકવાણા જિનલ દ્વિતીય તથા મકવાણા રિદ્ધિ તૃતીય સ્થાને રહ્યા.

દ્વિતિય દિવસે સોય-દોરો રમતમાં મીનાક્ષી રાઠોડ પ્રથમ, ભારતી વાઘેલા દ્વિતિય તથા કૈલાસ મકવામા તૃતિય સ્થાને વિજેતા બન્યાં હતાં. દોરડાકૂદમાં મીનાક્ષી રાઠોડ પ્રથમ, ગુંજન લેઉવા દ્વિતિય તથા ધર્મિષ્ઠા ચૌહાણ તૃતિય વિજેતા બન્યાં હતાં. વિદ્યાર્થીનીઓએ મટકાં ફોડ તથા ખાટી દ્રાક્ષ રમતનો ભરપૂર આનંદ ઊઠાવ્યો હતો. ત્યારબાદ ધોરણ-૯ અને ૧૦ વચ્ચે તથા ધોરણ-૧૧ અને ૧૨ વચ્ચે આંતરવર્ગીય ખો-ખો તથા કબડ્ડી સ્પર્ધા યોજવામાં આવી હતી. કબડ્ડીમાં ધો. ૯ અને ખો-ખોમાં ધો. ૧૦નો દબદબો રહ્યો. ધો. ૧૧ની વિદ્યાર્થીનીઓએ પણ કબડ્ડીમાં સારો દેખાવ કર્યો. શાળાના આચાર્યા કુમુદબહેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ તથા શાળાના પી.ટી.ના મ.શિ. ડામોરના સંચાલન હેઠળ આ યાદોત્સવને સમગ્ર શાળાએ ખૂબ ઉત્સાહભેર ઉજવ્યો.

## ડાયરેક્ટ ❤ સે

એમને ખૂંચે છે મારું અજવાળું
જે મળે છે મને સ્વજન થઈને
જોઈને મારા હાથમાં દીવો
લોકો તૂટી પડ્યા પવન થઈને

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-3**
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

નગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રાંધેજાની બે શાળાઓમાં આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કલ્પતરુ વેલફેર ટ્રસ્ટ અને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રાંધેજાની શ્રેષ્ઠ કન્યા શાળા તથા પગાર શાળાનાં કુલ ૫૮૦ બાળકોને તપાસી દવા આપવામાં આવી હતી. ગુરુવારે સવારથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ડૉ. કૃષ્ણકાન્ત ચિતણીયા તથા ડૉ. પ્રવીણ બોધાણીએ પોતાની સેવાઓ આપી હતી. આરોગ્ય કેન્દ્રના યોગેશભાઈ તથા અન્ય કર્મચારીઓ, મિલિન્દભાઈ ગુપ્તે, વિલેશ મોરે આ સેવાકાર્યમાં જોડાયા હતા. કલ્પતરુ તરફથી બારોટ સાહેબ તથા તેમની ટીમે પણ આ સેવાકાર્ય પ્રતિ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

# સંવેદી નગરજનની અનોખી સેવા પ્રાર્થના સભામાં રક્તદાન શિબિર



ગાંધીનગર, તા. ૨૪

તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ગામ સરઢવ,તા. જી. ગાંધીનગર ખાતે રક્તદાન શિબિર રાખવામાં આવેલ. જે શિબિરની વિશેષતા એ હતી કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ એક મેડીકલ સ્ટોરમાં કેમિસ્ટ તરીકે ફરજ બજાવતા પ્રકાશભાઈના પિતા નટવરભાઈ હરગોવનદાસ પટેલનું ગઈ તા. ૧૮-૧૨-૨૦૧૬ના રોજ અવસાન થયેલ. જે સદ્ગતની આત્માની શાંતિ સારૂ એક પ્રાર્થનાસભા (બેસણું) રાખવામાં આવેલ જે પ્રસંગે તેઓના કુટુંબના સભ્યોની સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે આ શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૩ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરેલ છે. જે રક્ત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા એકત્ર કરવામાં આવેલ છે. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના સેક્રેટરી એડવોકેટ હિતેષ બી. રાવલ તથા જુસીકાના દિનેશભાઈ દવે હાજર રહેલ અને સ્વ. નટવરભાઈ હરગોવનદાસ પટેલના પરિવારને પ્રસંશાપત્ર આપેલ અને તેઓની સમાજસેવાને બિરદાવી હતી.

### આર.સી. પટેલ હાઈસ્કૂલમાં

# એક્ઝામ ફિવર અને તેમાંથી બચવાના ઉપાયો વિષયે કાર્યક્રમ યોજાયો

### ૨૩૭ જેટલા બોર્ડના વિદ્યાર્થીઓએ મનને રચનાત્મક બનાવી પરીક્ષા બાબતનો તનાવ દૂર કરવા માર્ગદર્શન મેળવ્યું

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલ અને જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ (જે.સી.આઈ.)ના સહયોગથી 'પરીક્ષાનો તાવ-બચવાના ઉપાયો' વિષય પર ધો. ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક સુંદર કાર્યક્રમ તા. ૨૧-૧૨-૧૬ના રોજ યોજાઈ ગયો. કેમ્પસના ફાર્મસી હોલ ખાતે આયોજિત થયેલા આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે પધારેલા નેશનલ ટ્રેનર વિનોદ વૈષ્ણવે વિદ્યાર્થીઓની લેખિત કસોટી લઈ તે પ્રશ્નોમાં મેળવેલા ગુણને આધારે વય, કક્ષા, રસ, રૂચિ દ્વારા માણસ પોતાના અચેતન મનના માધ્યમથી ધારેલા પરિણામો કેવી રીતે પ્રાપ્ત કરી શકે તે રસાળ શૈલીમાં સમજાવ્યું હતું. ચોખ્ખા-ગંદા પાણીના ગ્લાસનું નિદર્શન કરી, રોચક ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓના મનનો રચનાત્મક બનાવી પરીક્ષાનો તનાવ (તાવ) દૂર કેમ કરી શકાય તેનું જ્ઞાન કરાવ્યું હતું. આ પ્રસંગે જેસીઆઈના પ્રમુખ ડૉ. પરાગી ગાંધી અને પ્રોજેક્ટ ચેરમેન વિનોસ ચૌહાણ પ્રેરક હાજરી આપી હતી. મોટી સંખ્યામાં શાળાના અનેક શિક્ષકોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર સંજય ત્રિવેદીએ કર્યું હતું. ૨૩૭ જેટલા બોર્ડના વિદ્યાર્થીઓએ શ્રોતા તરીકે જ્ઞાન મેળવ્યું હતું. બે કલાક સુધી વિદ્યાર્થીઓને ઝકડી રાખીને ધારી અસર ફેલાવનાર આવા કાર્યક્રમો પ્રત્યેક શાળામાં થવા જોઈએ તેવી શીખ જેસીઆઈના સેક્રેટરી, વાઈસ પ્રેસીડન્ટ અને ટ્રેનીંગ ડાયરેક્ટરે વિદ્યાર્થીઓને આપતાં પ્રાસંગિક પ્રવચનો પણ કર્યાં હતાં.

# ખ્રિસ્તી ધર્મ એટલે ઈશ-માનવ સેવાયોગ



**પ્રસંગસર**

સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ઈશુને ' માનવપુત્ર' અને ' ઈશ્વરપુત્ર ' એવાં બે વિશેષણો લગાવવામાં આવે છે. એટલે માનવસેવક અને ઈશ્વરસેવક. એનો અર્થ એ થાય કે માનવીની – જગતની સેવા દ્વારા ઈશ્વરની આરાધના કરવી. રોગી, દરિદ્ર, દુઃખી, પતિતને મદદ એ બધું ઈશુના જીવનચરિત્રમાંથી શીખવા જેવું છે. ઈશ-માનવ સેવાયોગ એ ખ્રિસ્તી ધર્મની વિશેષતા છે. એ શીખવા જેવો છે. કદાચ પૃથ્વી અને સ્વર્ગનો અંત આવે તોપણ વ્યક્તિત્વોનો સંદેશો શાશ્વત કાળ સુધી ટકી રહે એવો ઈશુએ કોઈ પરંપરીણ ઉપદેશકની રીતે નહીં, પરંતુ એક અધિકારસંપન્ન વ્યક્તિ તરીકે ઉપદેશ આપ્યો છે. તેઓનો સંદેશ મનુષ્ય સ્વભાવ અને મનુષ્યના હૃદયમાં શું પડ્યું છે તેને આધારિત છે. યુરોપની ભાષાઓમાં કહેવાયેલા ઈશુના કેટલાક સુભાષિતો અને દષ્ટાંતો તુલસીદાસની ચોપાઈઓ અને દોહરાઓ જેવા છે. 'દીવો સળગાવી કોઈ તેને ખાટલા નીચે સંતાડે નહીં, પણ બધે પ્રકાશ પડે તે રીતે વચ્ચે ગોઠવે. જ્ઞાનને સંતાડી રાખવાનું ન હોય.' અને 'ભગવાનની ઈચ્છા હોય તો નકામો ગણાયેલો પથરો મંદિરને શિખરે જઈ ચડે છે.'

' ઈશ્વરને ત્યાં તે શ્રેષ્ઠ અને તે જ આગેવાન, જેની પરિચર્યા અને સેવા સૌથી વધારે.'તેમના આ પ્રેમ, આનંદ, શાંતિ, સમાધાન અને મોક્ષના સંદેશાથી લોકોમાં આધ્યાત્મિક અસ્તિત્વની ગરિમા પ્રાપ્ત કરાવી.

માણસની દિવ્યતા અને એની અંદર રહેલી સત્યની ઉત્કટભાવનાનું સંપૂર્ણ સાર્વભૌમત્વ પ્રતિષ્ઠિત કરવાના વીરતાભર્યા પ્રયાસો ઈશુએ કર્યા અને ઈશ્વરનું પૂજન બલિદાન અને નૈવેધથી નહીં પરંતુ સત્ય અને આંતરિક ભાવનાથી કરવા કહ્યું: 'ઈશ્વરનું ધામ આંખોથી નિહાળી શકાય કે આંગળીથી ચીંધી શકાય એવું નથી. તે તમારી અંદર જ છે.'

શાસ્ત્રના એક પંડિતે પરીક્ષા કરી જોવા ઈશુને પૂછ્યું, " ગુરુદેવ, શાસ્ત્રની સૌથી મોટી આજ્ઞા કઈ છે.? " ત્યારે ઈશુએ કહ્યું," તું તારા પરમેશ્વર પ્રભુ ઉપર પૂરા રૂદયથી, પૂરા જીવથી અને પૂરા મનથી પ્રેમ રાખજે, એ સૌથી મોટી અને પહેલી આજ્ઞા છે. અને એના જેવી જ એક બીજી આજ્ઞા છેઃ તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે. સમગ્ર શાસ્ત્ર અને પયગંબરોની વાણીનો આધાર આ બે આજ્ઞાઓ છે. " આ બતાવે છે કે ઈશુનું આગમન ઈશ્વરનું પિતૃત્વ પ્રગટ કરવા માટે થયું હતું અને તેના કારણે મનુષ્યોમાં વૈશ્વિક ભ્રાતૃભાવ પ્રસ્થાપિત થયું. આપણા બધા સંબધો પ્રેમ અને સેવાના પાયા ઉપર રચવાનું શીખવ્યું. પરિણામ પાછળ ન દોડતાં ઈશ્વર પિતાની ઈચ્છાનુસાર વર્તવાનો અને બદલાની કોઈ આશા રાખ્યા વગર ફરજ બજાવવાનું કહ્યું. ઈશુના સંદેશમાં પ્રેમ અને પ્રેમનું સામ્રાજ્ય છે. સ્ત્રી પુરુષ વચ્ચે લગ્ન ત્યારે જ થાય, જ્યારે બન્ને વચ્ચે સાચો પ્રેમ હોય. ઈશુ કહે છે કેઃ " ઈશ્વરે જેમને સાથે જોડ્યાં છે તેમને માણસે છૂટાં ન પાડવાં." ઈશુએ પોતના આદર્શો, ઉપદેશોનો પહેલા જાતે અમલ કરીને દાખલો બેસાડ્યો. યહૂદી ધર્મગુરુનો નોકર માલ્થુસ, જે ઈશુને પકડવા આવ્યો હતો તેના કાનની પીડા તેણે મટાડી છતાં તે ઈશુ ઉપર થૂક્યો છતાં એનો પ્રતિકાર ન કર્યો. ઈશુને જેમણે ક્રોસ ચડાવ્યા એમને પણ ક્ષમા કરવાની પ્રાર્થના કરવામાં આવી. ઈશુનું જીવન ઉચાપત કરનારા અને યોગ્ય સમજણ વિનાના આપખુદ રાજ્ય વહીવટસામે સતત સંઘર્ષમાં વીત્યું હતું.

